ગાંધીનગર સમાચાર



## @ગાંધીનગર

● કાયઝેન ટ્રસ્ટ દ્વારા આયોજિત રાજયકક્ષાની ફુટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ ૪.૩૦ કલાકે ચ-૩ સર્કલ પાસેના મેદાનમાં થશે.

● દહેગામ તાલુકાના રખિયાલ પાસે સ્થિત કલ્યાણજીના મુવાડા ખાતે સવારે ૯.૦૦ કલાકે શ્રી સજનબા વડીલ વિસામાનો શુભારંભ કરાવાશે.

## ખાનગી બસમાં મુસાફરી કરતી મહીલાને ખાનગી ટ્રાવેલ્સનો કડવો અનુભવ

ગાંધીનગર, તા.૧૦

એક ખાનગી ટ્રાવેલ્સની બસમાં મુસાફરી કરતી મહિલાને પારાવાર હાલાકી વેઠવી પડી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ખાનગી ટ્રાવેલ્સમાં નાની બાળકી તેમજ સામાન સાથે સોમનાથ જવા માટે બસમાં બેઠેલી મહિલાએ રસ્તે રઝળવાનો વારો આવ્યો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

શહેરની મહિલાએ ગાંધીનગરથી સોમનાથ જવા ખાનગી ટ્રાવેલ્સની મદદ લેતા અઢી કલાક હેરાનગતિ સહન કરવી પડી હતી. મહિલાએ વારંવાર રજૂઆતો કરી હતી કે મારી પાસે ૪-૫ સામાનની બેગો તેમજ માસુમ બાળકી છે. આ બસ સીધી સોમનાથની છે. ત્યારે ખાનગી ટ્રાવેલ્સના માલિકે હા જવાબ આપ્યો હતો. પરંતુ ખરેખરમાં અમદાવાદ જઈ મહિલાએ બસ બદલવાની ફરજ પડી હતી. રાત્રિના સમયે ટ્રાવેલ્સના ડ્રાઈવરે મહિલાને માસુમ બાળકી સાથે અમદાવાદ ખાતે ઉતારી બીજી બસમાં બેસવાનું જણાવ્યું હતું. બીજી બસ રાત્રે મોડી ઉપડતા બાળકી સાથે મહિલા રઝળતી રહી હતી અને બાળકી સાથે રાત્રિના અઢી કલાક હેરાનગતિ સહન કરવી પડી હતી. બીજી તરફ મહિલાની સાથે સાથે તેઓના કુટુંબીજનોના પણ જીવ અધ્ધર થઈ ગયા હતા. આ તબક્કે હેરાનગતિનો ભોગ બનેલી મહિલાએ પણ કડવા અનુભવના મતે ખાનગી મુસાફરી કરવા કરતા એસ.ટી. બસની સવારી કરવાનું વધુ સુરક્ષીત અને મુનાસિબ હોવાનો મેસેજ પણ નગરજનોને આપ્યો છે.

# ગ-૧ પાસે ઝાડીઓમાં ધોળે દિવસે લુંટ

## આરટીઓ કચેરીમાં લાયસન્સ કઢાવા આવેલો યુવાન ઝાડીઓ તરફ ગયો ત્યારે એક ગાડીમાં લુંટારૂ આવ્યા : બે લુંટારૂઓ પાકીટ, સોનાની ચેઈન, ચાંદીની લકી, મોબાઈલ અને ગાડીની ચાવી લુંટી ગયા

ગાંધીનગર, તા.૧૦

ઉવારસદ ગામમાંથી ચાર મિત્રો ગાંધીનગર સે-૩ ખાતે સ્થિત આરટીઓ કચેરીએ કામ અર્થે આવ્યા હતા. તે પૈકી એક યુવાન કચેરીની સામેની ઝાડીઓમાં બાથરૂમ માટે ગયો તે દરમિયાન ગાડી લઈને આવેલા લૂંટારૂઓ ધોળે દિવસે તેને લુંટીને ફરાર થઈ ગયા હતાં. ગાડીમાં આવેલા ચાર પૈકી બે લુંટારૂઓ ગાડીમાંથી ઉતર્યા અને તે યુવાન નજીક ઝાડીઓમાં જઈ મોં દબાવી દઈ સોનાની ચેઈન, વાળીઓ, પાકીટ, ચાંદીની લકી, મોબાઈલ અને ગાડીની ચાવી લુંટી ગાડીમાં બેસી રફફુચક્કર થઈ ગયા હતા. સે-૭ પોલીસને ઘટનાની જાણ થતા ગુનો દાખલ કરવા તજવીજ શરુ કરી છે.

મળતી મહિતી મુજબ ઉવારસદ ગામમાં રહેતો યુવાન સંતોષ રમેશભાઈ ઠાકોર તેના અન્ય ત્રણ મિત્રોને લઈને આરટીઓ કચેરી આવ્યો હતો. ત્રણ મિત્રો કચેરીમાં લાઈનમાં ઉભા હતા ત્યારે સંતોષ આરટીઓમાં કાર મુકીને સામે આવેલી ઝાડીઓમાં બાથરૂમ કરવા ગયો હતો તે દરમિયાન ગ માર્ગ પર સફેદ રંગની ગાડીમાં ચાર શખ્સો આવ્યા અને ગાડી રોડની સાઈડમાં ઉભી રાખી...! ગાડીમાંથી બે અજાણ્યા શખ્સો ઉતર્યા અને સંતોષ પાસે ઝાડીઓમાં પહોંચી જઈ તેનું મોં દબાવી દીધું હતું. મોં દબાવીને તેના ખિસ્સામાંથી પાકીટ, સોનાની ચેઈન, કાનમાં પહેરેલી સોનાની વાળીઓ, ચાંદીની લકી, મોબાઈલ અને સ્વિફટ ડીઝાયર ગાડીની ચાવી સહિતનો મુદ્દામાલ લુંટી લઈ બંને લૂંટારૂઓ ગાડીમાં પરત દોડીને બેસી ગયા અને ચારેય શખ્સો ગાડી લઈને રફફુ ચક્કર થઈ ગયા હતા. લુંટાયેલો યુવાન મિત્રોને લઈને પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા પહોંચ્યો હતો. પોલીસે તેની ફરિયાદ લઈ ગુનો દાખલ કરવા કાર્યવાહી શરૂ કરી છે.

### લુંટારૂઓએ પાકીટ ફેંકી દીધું કેમ કે અંદર ૨૦ રૂપિયા જ હતાં...!

ઝાડીઓમાં ઝઈને યુવાનનું મોં દબાવી લુંટી લેવાયો હતો. લુંટમાં ગયેલા માલ સામાનમાં સંતોષનું પાકીટ પણ હતું. પરંતુ એ પાકીટ લુંટી લીધા બાદ થોડે આગળ જઈને લુંટારૂઓએ ફેંકી દીધું હતું. કેમ કે પાકીટમાં માત્ર ૨૦ રૂપિયા જ વધ્યા હતાં...!

### પોલીસે શહેરના એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર નાકાબંધી કરી દીધી

શહેરમાં લુંટ થઈ હોવાના મેસેજ મળતા જ પોલીસે ૧૧૧ સ્કીમ એકટીવેટ કરી દીધી હતી. ૧૧૧ સ્કીમ મુજબ શહેરના તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર તાત્કાલીક પોલીસની ટીમો તૈનાત થઈ જાય અને વાહન ચેકીંગ સઘન કરી દેવાય...! આ ગુનાનો ખ્યાલ આવતા જ પોલીસે વાહનચેકીંગ સઘન બનાવી નાકાબંધી કરી દીધી હતી...!

# રોજબરોજના કાર્યોમાં વેડફાતુ પાણી બચાવવાની આદત પાડીએ

## બીબીએ કૉલેજ ગાંધીનગર ખાતે 'સેવ વૉટર' બાબતે સેમિનારનું સફળતાપૂર્વક આયોજન

ગાંધીનગર, તા.૧૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી કૉલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન ખાતે સાંપ્રત સમયમાં સમગ્ર વિશ્વ પીવા લાયક પાણી જેવી જવલંત સમસ્યાનો સામનો કરી રહી છે ત્યારે યુવાનોમાં તે બાબતે જાગૃતિ કેળવવા સેમિનારનું આયોજન કર્યુ હતુ.

આ કાર્યક્રમમાં મુખ્યવક્તા તરીકે જાણીતા કોલમિસ્ટ શ્રીસમીરભાઈ રામી ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ જવલંત વિષયો પર જાણીતા અખબારમાં પોતાની કોલમ દ્વારા લોકજાગૃતિ કેળવી રહ્યા છે. તેમણે "વિશ્વ જળ દિવસે પાણી નાં વિવેક પૂર્ણ ઉપયોગ તેમજ રનિંગ વૉટરને તીલાંજલી આપીએ અને રહેણાક વિસ્તારમાં પાણી વપરાશ માટે મીટર ફરજિયાત બનાવીઍ'' વિષય પર પ્રેરક લેખ લખ્યો હતો. જેને સમાજમાં ખૂબ આવકાર મળ્યો હતો. આથી કૉલેજ દ્વારા તેઓને ચાવીરુપ વક્તવ્ય આપવા આમંત્રણ આપવામાં આવ્યુ હતુ. સિનિયર અધ્યાપક ડૉ. જયેશ તન્ના દ્વારા મેનેજમેન્ટ અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કાર્યક્રમનાં અંતે સમગ્ર વિશ્વ જે સમસ્યાનો સામનો કરે છે તેને







પડકારતા જણાવ્યું હતું કે અમે દરેક વિદ્યાર્થીઓ અમારી સાથે બીજા પાંચ વિદ્યાર્થીઓને લઈ કુલ છ વિદ્યાર્થીઓનુ જુથ બનાવી એક વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૩૦ પરિવારને રૂબરૂ મળી રોજીંદા જીવન માં આપણે પાણી વપરાશ ઉપર કેવી રીતે મેનેજમેન્ટ કરીશુ જેથી આવનારા પડકારજનક સમયમાં સુદ્રઢ રીતે તેને પહોચી શકાશે. આમ કરવાથી એક જુથ ૧૮૦ પરિવાર ને મળે તેવા ૧૨૦ થી ૧૫૦ જુથ ૯૦૦૦ પરિવાર ને મળે જેમાં એક પરિવાર દીઠ સુદ્રઢ સંચાલનથી એક અઠવાડિયામાં જો ૩૦૦ લીટર પાણી નો બચાવ થાય તો ૩૦૦૦ પરિવારો લાખો લીટર પાણી ને બચાવી શકશે. આચાર્યશ્રી ડૉ. રમાકાંત પૃસ્ટી સાહેબે વિદ્યાર્થીઓ ને તાજેતર માં સમગ્ર દેશમાં દુષ્કાળ તેમજ અર્ધ દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ માટે સમજાવ્યા હતા. તેમજ દેશમાં સાંપ્રત સમયમાં બનેલી ઘટનાઓ નાં ઉદાહરણ આપી વિદ્યાર્થીઓને સમસ્યાની ગંભીરતાની સમજ આપી હતી.

મુખ્યવક્તા સમીરભાઈએ જણાવ્યુ હતું કે વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓને હકારાત્મક પ્રવૃત્તિઓમાં જોડવાનો ઉમદા પ્રયત્ન કૉલેજ દ્વારા કરવામાં આવ્યો છે તેમ જણાવ્યુ હતુ.ગુજરાતનાં સૌરાષ્ટ્ર, ઉત્તર-ગુજરાત તેમજ કચ્છ વિસ્તારનાં અંતરિયાળ ભાગમાં પાણીની સમસ્યા બાબતે વિદ્યાર્થીઓ ને વાકેફ કર્યા હતા. તેમણે જણાવ્યુ હતું કે મનુષ્ય તેમજ પશુપંખી ને પીવાનું પાણી મળી રહે તે આવશ્યક છે. આ પ્રાથમિક જરૂરીયાત બાબતે આપણે શહેરની સુખ-સુવિધા વચ્ચે જીવતા લોકોને સમજવાની જરૂરીયાત છે. રોજ-બરોજનાં કાર્યમાં આપણે પાણી ને બેફામ રીતે વેડફીએ છીએ તે બંધ કરવુ જોઈએ તેમજ પોતાની આદતો ને કારણે બિનજરૂરી વેડફાતા કુદરતી સ્ત્રોતનો સંગ્રહ કરવો જોઈએ. આજે સમગ્ર વિશ્વ જળ સંકટ બાબતે ગંભીર બન્યુ છે. જેના કારણે ૨૨ માર્ચ આપણે વિશ્વ જળ દિવસ તરીકે ઉજવીએ છીએ તેમ તેમણે જણાવ્યુ હતુ. સમગ્ર વિશ્વમાં ૭૫% જળ તેમજ ૨૫ % જમીન છે. પરંતુ પીવાલાયક જળ સ્ત્રોત નું પ્રમાણ ખૂબ ઓછુ છે. માટે આપ યુવાવસ્થામાં આ સમસ્યા સામે લડવા જાગૃત બનશો તો આપણે ભાવી પેઢી ને બચાવી શકીશુ. અને આપણા કુદરતી જળ સ્ત્રોત નદી, સરોવર તળાવ ને આપણે જીવંત રાખી શકીશુ.

કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓને આજીવન પાણીનો દુર્વ્યય નહી કરવા તેમજ બીજા લોકો ને પણ આ બાબતે જાગૃત કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સંસ્થાનાં આચાર્યશ્રી દ્વારા જણાવ્યુ હતું કે જો ઍક વિદ્યાર્થી પાંચ લોકો ને જાગૃત કરી શકે તો ઍક વર્ષ માં આપણે સમગ્ર રાજ્ય સુધી આ જાગૃતિ અભિયાન પહોચાડી શકીઍ. કૉલેજનાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ દ્વારા પણ કાર્યક્રમ દરમ્યાન પોતાના અભિપ્રાય આપવામાં આવ્યા હતા. ભૂતપુર્વ વિદ્યાર્થી દિવ્યાંક પટેલે જણાવ્યુ હતુ કે ભવિષ્યમાં કૉલેજ માં સતત આવા કાર્યક્રમોનું આયોજન થતુ રહે તો વિદ્યાર્થીઓ હંમેશા તેના માટે ઉત્સાહિત રહેશે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કૉલેજ નાં આચાર્ય શ્રી ડૉ.રમાકાંત પૃસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ડૉ. જયેશ તન્ના તેમજ ધર્મેન્દ્ર રાઠોડ અને કૉલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો હતો.

## વાતવાતમાં

● સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની ભીડ વધુ રહેતી હોવાથી લાંબી લચ્ચક લાઈનોના કારણે થતી રોજબરોજની મગજમારી ટાળવા 'ટોકન સીસ્ટમ' અમલમાં મુકવામાં આવી હતી. આ ટોકન સીસ્ટમથી શરૂઆતમાં થોડી તકલીફ પડી પરંતુ હવે ધીમે ધીમે સૌને માફક આવી જવા પામી રહી છે.

● પાટનગર યોજના વિભાગમાંથી એક સાથે બે એકાઉન્ટ ઓફિસરની બદલી કરી દેવાઈ હતી. આ બંને જગ્યાઓ પર નવા બે એકાઉન્ટ ઓફિસરની નિયુકિત પણ કરી દેવાઈ છે.

● નર્મદા વિભાગ અને શહેરી વિબાગમાં બે મિત્રોને નોકરી આપવાની લાલચ આપીને સરગાસણના ચંદન ઉર્ફે મધુકર રાજરિક નામના શખ્શે રૂપિયા ૨ લાખ પડાવ્યા હતા. આપેલ કામ ના થતા બંને મિત્રોએ પૈસા પરત માંગતા ચંદને અપશબ્દો બોલી મારી નાંખવાની ધમકી આપી હતી તેવી ફરિયાદ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશને નોંધાવા પામી છે.

● શહેરમાં આખો દિવસ મહાનગરપાલિકા ખાતે થયેલા ઘટનાક્રમે ભારે ઉત્તેજના જગાવી હતી. શહેરમાં અનેક નગરજનોએ કોંગ્રેસના નેતાઓ દ્વારા આચરાયેલ કૃત્યને વખોડી કાઢયું હતું તો ઘણા નાગરિકોએ પક્ષપલ્ટુ નેતાઓને મળેલી આ સજા યથા યોગ્ય છે તેવો મત પણ વ્યકત કર્યો હતો.

● લવારપુર ખાતે પેટ્રોલ પંપ પર નિયમિત પેટ્રોલ પુરાવતા અમદાવાદના ટ્રાન્સપોર્ટર ભવન ચૌધરીએ હિસાબ પેટે ચુકવાના નાણા માટે ૧૦મી તારીખનો વાયદો કર્યો હતો. આ વાયદાના એક દિવસ પૂર્વે પેટ્રોલ પંપના માલિકોએ તેને રૂબરૂ બોલાવી અપશબ્દો કહી કાતરથી હુમલો કર્યાની ફરિયાદ ટ્રાન્સપોર્ટરે ડભોડા પોલીસ સ્ટેશને નોંધાવી છે.



સુથાર સમાજ ગુજરાતનો રાજય સ્તરીય શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. આ સમારંભમાં ઉત્તમ શિક્ષકનો એવોર્ડ મેળવનાર સંગીતાબેન મિસ્ત્રી, ખેડૂતો માટે કિસાન મિત્ર એપ બનાવનાર નિખિલ સુથાર, શિવાજીરાવના નાટકમાં પ્રથમ પારિતોષિક વિજેતા અભિષેક મિસ્ત્રી તથા દીગંત ખરાદીએ બ્લેક બેલ્ટમાં પ્રથમ રેન્ક મેળવતા સન્માનિત કરાયા હતા. ત્યારબાદ સમાજના દિવંગત અગ્રણીઓ જેઠાભાઈ મિસ્ત્રી, કથાકાર ભાઈલાલ ભગત, નડિયાદના રમણભાઈ ગજ્જર અને ખંભાતના મનિષભાઈ ગજ્જરને મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. આ સમારોહમાં રત્નાબેન ગજ્જર, અતુલભાઈ એડવોકેટ, દિનેશચંદ્ર સુથાર, જયંતિભાઈ મેવાડા, અરવિંદભાઈ સુથાર, ડાહ્યાભાઈ ગજ્જર, દિનેશભાઈ મિસ્ત્રી, ઠાકોર મિસ્ત્રી, ચંદ્રકાંત મિસ્ત્રી, સંજયભાઈ ગજ્જર, સુથારભાઈ મિસ્ત્રી, ઉર્મિલાબેન સુથાર તથા રાજયભરમાંથી સમાજના અગ્રણીઓ, પદાધિકારીઓ તથા વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરના સે-૭ ખાતે રામકૃષ્ણ વિવેકાનંદ સાહિત્ય કેન્દ્રનો શુભારંભ કરાયો છે. આ સાહિત્ય કેન્દ્ર થકી ભારતીય પ્રાચીન સંસ્કૃતિ અને હિન્દુ ધર્મ અંગેના પાયાના સિધ્ધાંતો વગેરે અંગે જ્ઞાનવર્ધક સાહિત્ય ઉપલબ્ધ થશે જે નગરના જ્ઞાન પિપાસુ વાચકો માટે ખૂબ જ ઉમદા ભેટ સમાન બની રહેશે.



## ગાંધીનગર જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને ૧૨મીએ સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના સરકારી તથા જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીંપા તા. ૧૨મી મે, ૨૦૧૬ના રોજ સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન પીવડાવવામાં આવનાર છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકાના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્પ નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્પ નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્પક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

સામાન્ય રીતે બાળકના શરીરમાં જયાં સુધી વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યાં તેને સૌથી વધારે પોષણની જરૂર પડે છે. આ ગાળો એ સમગ્ર જીવનના પાયા સમાન છે. આથી જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળકના બળ, બુદ્ધિ અને મેધામાં વધારો થાય છે. શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે. બાળકની રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડૉ. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે.તા. ૧૨મી મે, ૨૦૧૬ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીંપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, અમીયાપુરા, સેકટર-૭, સેકટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના રિદ્રોલ, પરબતપુરા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ અને કલોલ તથા દહેગામ તાલુકામાં પીપળજ અને ખાનપુર ગામના સરકારી અને જિલ્લા પંચાયત આયુર્વેદ દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવશે તેવું જિલ્લા આયુર્વેદ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

# શહેરમાં ટપાલપેટીઓ મરણપથારીએ

## ઝડપી સંદેશાઓ માટે વોટસઅપ, ફેસબુક અને ઈમેલ હાથવગાં બનતા સાદી ટપાલો ભુલાઈ જ ગઈ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા.૧૦

આધુનિક ટેકનોલોજીના આગમનથી જ જુની સુવિધાઓ આપોઆપ બિન ઉપયોગી થવા માંડી છે. અત્યંત ઝડપી સંદેશાઓની આપ-લે એકદમ સરળ બની ગઈ છે ત્યારે પોસ્ટકાર્ડ, અંતરદેશી કે પરબડીયા જેવી જુની સંદેશા મોકલવાની પધ્ધતિ ધીરે ધીરે વિસરાતી જઈ રહી છે. જેના માટે પોસ્ટવિભાગ દ્વારા ઠેર ઠેર મુકવામાં આવતી ટપાલપેટીઓ પણ બિન ઉપયોગી બનીને મરણપથારીએ થઈ છે. જો કે ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ તેનો ઉપયોગ થઈ રહ્યો છે પરંતુ શહેરમાં ટપાલપેટીઓ હવે હાસ્યાસ્પદ લાગી રહી છે.

ઈન્ટરનેટ માધ્યમે હાઈ ટેકનોલોજી અપનાવી દેતાં સેકંડોમાં સંદેશાની આપ-લે થઈ ગઈ છે. વળી આ સંદેશાઓ પણ જોજનો દુર બેસેલાં વ્યકિતને સામે જ વાત કરતો નીહાળીને થઈ રહ્યા છે જેથી અંગ્રેજો સમયની ટપાલપેટીઓ હવે બિચારી બાપડી બની ગઈ છે. પોસ્ટકાર્ડ, અંતરદેશી કે પરબડીયાને પહોંચતા બે ત્રણ દિવસ લાગે જે હવે આ ઝડપના જમાનામાં લોકોને પોષાય તેમ નથી. વધુમાં નોકરીઓ માટે થતી અરજીઓ પણ હવે ઓનલાઈન થઈ ગઈ છે જેથી ટપાલપેટીઓ ખાલીખમ્મ જ રહે છે. જો કે હવે સરકાર દ્વારા પણ તમામ કચેરીઓ સાથેના લેખિત વ્યવહારો ઓનલાઈન જ કરવા માટે કટિબધ્ધ છે ત્યારે વર્ષો પુરાણી ટપાલ લખવાની પધ્ધતિઓ નેસ્તનાબુદ થઈ જવાની છે અને તે કારણે ટપાલોનો સંગ્રહ કરતી ટપાલપેટીઓ પણ વૃધ્ધ થવાની સાથે મરણપાથરીએ જ પહોંચી જવાની તૈયારીઓમાં છે.

પાટનગરમાં પણ ખુણે ખાંચરે ઉભા કરાયેલા પોષ્ટ માટેના ડબ્બાઓ કે ઝાડ અથવા દિવાલ ઉપર લટકતું પોષ્ટ બોક્ષ હવે ભુતકાળ બનતું જઈ રહ્યું છે. જો કે પોષ્ટ વિભાગ દ્વારા સમયસર આ ટપાલ પેટીઓની તપાસ કરાય છે પરંતુ ભાગ્યે જ કોઈ ટપાલ અંદરથી મળે તેવું બનતું હોય છે જેથી હવે સમયનો સદપયોગ કરી સરકારી મિલકતોને પાછી ખેંચી લેવી તે જ એક આખરી ઉપાય બન્યો છે. ટપાલ પેટીઓ સામે જોઈ સિનિયર સિટીઝનો પણ દયા ખાઈ રહ્યા છે. હર હંમેશ પોતાના સંદેશા સંગ્રહ કરી રાખતી આ ટપાલ પેટીઓની ઉપેક્ષા થતાં હાયકારો અનુભવે છે. જો કે સમયની સાથે ન ચાલવાથી પણ નુકસાનમાં જ રહેવાતું હોય છે જેના પ્રત્યક્ષ ઉદાહરણો વિદેશમાં ઉપયોગ થતા આધુનિક ઉપકરણો દર્શાવી રહ્યા છે. છતાં પણ ભૂતકાળમાં મદદરૂપ બનેલી ટપાલપેટીઓ કાયમ સંભારણું બની રહેશે તે નિર્વિવાદ બાબત બની છે.

### ચિરવિદાય

● સ્વ. પુનમ મહેશભાઈ પટેલ, ઉ.વ. ૩૮